सत्यमेव जयते

<u>રાજકોટના મહે.૧૧માં એડીશ્નલ  જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટ સમક્ષ</u>

ફોજદારી કેસ નં. ૧૩૬૭૩/૨૨૨૦
આંક– ૧૬

શ્રી સરકાર
વિરુધ્ધ
પ્રદીપભાઈ પ્રવીણભાઈ સમાણી વિ. ૨

**<u>ગુનો–જુગારધારા કલમ ૧૨ મુજબ...</u>**
**– <u>ચુકાદો</u>–**

૧) સદર કામનું કેસ રેકર્ડ આજરોજ હાથ પર લઈ વંચાણે લીધુ.આરોપીઓ સામે હાલનું ચાજશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી કોર્ટ રુબરુ હાજર થયેલ છે.આરોપી સી. આર. પી. સી. ની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

૨) ઉપરોકત ગુન્હા અંગે આક– ૧૪ થી  મુજબ આરોપીઓની પ્લી લેતા,આરોપીઓએ તેમનો ગુન્હો કબુલ કરી આંક–૧૩ થી ગુન્હા અંગે લેખિતમાં કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. ગુન્હા બદલ તેઓને ઘણોજ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનનેલીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે. તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ દંડ કરી છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈછીક હોય તે નોંધી પરંતુ આરોપીની સદરહું કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપીઓએ ગુન્હો  રાજી ખુશીથી  કબુલ કરેલ છે.તેવી કોટે ખાત્રી કરેલ છે.આ તબકકે **નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય વિરુધ્ધ/નટવર હરચંદશી ઠાકોર,જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં.૭૦૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહુ ચુકાદાના **પાના નં.૭૨૧ ના પેરા નં.૨૧**માં જણાવેલ કારણો ધ્યાને  લીધા.આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે.અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે.તથા તેઓનો આ પ્રથમ ગુન્હો છે. આરોપીની સામાજીક તેમજ આથિક પરિસ્થિતિને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં

પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપી સ્વેચ્છાએ ગુન્હાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ કબુલાત સ્વીકારું છું અને આરોપીને તેમની સામેના ગુન્હામાં તકસીરવાન ઠરાવુ છું. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતા આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તથા ટી.આર.સી. ની સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ માનુ છું જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.કે

## <u>હુકમ</u>

(૧) આ કામના આરોપી પ્રદીપભાઈ પ્રવીણભાઈ સમાણી વિ. ૨ વિ.ઃને જુગાર ધારા એકટની કલમ ૧૨ મુજબ સી.આર.પી.સી. કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવુ છુ. અને સદર ગુન્હા સબબ **રૂા ૧૦૦ X ૨ =૨૦૦ /–** અંકે રૂપિયા બસ્સોૌ નો દંડ ફરમાવવાનો હુકમ કરુ છું .જો આરોપીઓ દંડની રકમ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યે મુદામાલની રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ તે સિવાયના મુદામાલનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આ અગાઉ વચગાળાનો મુદામાલનો હુકમ થયેલ હોય તો તે કાયમી રાખવામાં આવે છે.

(૩) આરોપીઓના જામીનખત તથા જાત મુચરકા રદ ગણવા.

(૪) હુકમ મુજબ જરુરી યાદી કરવી.

હુકમ આજરોજ તા. ૧૧ મી ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
તારીખ–૧૧.૦૨. ૨૦૨૩

(નેહા દિનેશભાઈ જોષીપુરા)
૧૧મા એડી. જયુ.મેજી.ફ.ક.
રાજકોટ.
યુઆઈડી–જીજે૦૧૭૦૧